વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૪૧ : અંક - ૭-૮ ❋ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ❋ તંત્રી : નમ્રતા બાલી ❋ પ્રકાશન : એપ્રિલ-૬, ૨૨, ૨૦૨૩

# ભર ઉનાળે ચોમાસુ

તાજેતરમાં આપણે સહુએ ધગધગતા ઉનાળામાં ચારથી પાંચ દિવસ કમોસમી વરસાદનો પ્રકોપ અનુભવ્યો. આવાતાવરણમાં થયેલા બદલાવે નાના અને સીમાંત ખેડૂતો, જહાજના એંકર પીગળાવનાર, સોપારી કાપનાર, ભંગાર તોડનાર, ધાગા કટીંગ કરનાર, વેચનારા જેવાં શ્રમજીવી પર તેમના કાચા માલ પર, ઢોર ઢાંખર પર, આરોગ્ય પર, મગજ પર, બાળકો ઉપર, આવક પર જબરજસ્ત માર માર્યો. મનુષ્યે ક્યારેય વિચાર્યુ છે કે, હું જે વાપરું છું તેનાથી ક્યાં ક્યાં સુધી કોને કોને અસર થશે? 'અનસૂયા'નો આ અંક શ્રમજીવીઓ પર કમોસમી વરસાદે વર્તાવિલા કેરની વાત કરે છે.

**- મનાલી**

તાજેતરમાં ભારતીય હવામાન વિભાગ દ્વારા માર્ચ ૨૦૨૩ માં ગુજરાતના દરેક જિલ્લામાં કમોસમી વરસાદ થયો. ભર ઉનાળે ચોમાસું! માવઠાનો માહોલ ઉભો થયો. ખેતીમાં ખાસ શિયાળુ સિઝનના તૈયાર થયેલા પાકમાં નુકશાનની ભીતિથી જાણે 'ખેડૂતના મોંમાં આવેલો કોળીયો છીનવાઈ ગયો.' દર વખતે કુદરતી મારની પહેલી થપ્પડ ખેડૂતને જ ખાવી પડે છે. તાપ, તડકો સહન કરી મહેનત કરે. જયારે, વેચાણ માટે પાક તૈયાર થાય એ પહેલા જ કુદરતી આફત સામે ખેડૂત લાચાર બની જાય છે. આ સિઝનમાં પણ એવું જ જોવા મળ્યું. શિયાળુ પાકો કાપણીના આરે હતા અને કમોસમી વરસાદ પવન સાથે થતા ઘઉં ખેતરમાં ઊભા હતા તે આડા પડી ગયા, જીરુનો પાક જેમને વાઢીને ખેતરમાં પડ્યો મૂકેલો તે વાવાઝોડામાં ઉડી ગયો. દિવેલા ખળામાં પલળી ગયા. આમ આ પાકોની ગુણવતામાં નુકશાનની સાથે ભાવ પણ ખેડૂતો ને નહિ મળે. વાવી વાવીને ઉજ્જડ ખેતર!

આ કુદરતી પ્રકોપ સામે તો કશું કરી શકતા નથી! પણ, તેને ઓછો કરવા માટેના પ્રયત્નો કરી ખેડૂતોને ઊભા કરવાનો પ્રયાસ સેવાની ખેતી ઝુંબેશ કરી રહી છે. આ કઠીન સ્થિતિમાં પણ સભ્યોને આગોતરા આયોજન માટે ખેતી અને પશુપાલનને લગતા વોઈસ સંદેશા મોકલી આપવામાં આવ્યા, તેમાં ૯ જિલ્લાના ૨૫૦૦૦થી વધુ સભ્યોને મોકલ્યા અને તેને અનુસરી બહેનોના વધતા ઓછા ફાયદાની વાત એમના જ મોઢે સાંભળીએ:

મારું નામ રૈયાબેન આહીર. પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના ધોકાવાડા ગામની વતની છું. ૧૫ વર્ષથી સેવાની સભ્ય છું. જીરા ટકાઉ પદ્ધતિની ઘણી તાલીમો સેવા દ્વારા લીધી છે. આ વર્ષે મે જમીન લીઝ પર લીધી હતી અને જીરા પર રૂ. ૩૫૦૦૦નું રોકાણ કરીને ચાર એકર જમીનમાં જીરાનું વાવેતર કર્યું હતું. તાલીમ થકી જીરાનો પાક પણ સારો હતો અને સેવા દ્વારા બજારના સારા ભાવ મેળવવામાં પણ મદદ મળી છે. ૧૦૦ દિવસે લણણી શરૂ કરી

હતી ને કમોસમી વરસાદની આગાહીનો વોઈસ સંદેશ સેવામાંથી મળ્યો વરસાદથી સુરક્ષિત રહેવા તાત્કાલિક તાડપત્રી આપવામાં આવી તો જીરું ઢાંક્યું તે બચી ગયું. આ સીઝનમાં આ આગોતરા વોઈસ સંદેશથી મારી ખેતી બચી ગઈ, મારો પાક બચ્યો, મારી આવક બચી, અને મારું પરિવાર બચ્યું.

ઘણા સભ્યોનો પાક લણણી કરી ખળામાં હતો તેમને તાત્કાલિક ધોરણે સેવા તાડપત્રીનું વિતરણ કરવામાં આવ્યું. ૫૦૦ નાના અને સીમાંત ખેડૂતોને વરસાદથી બચાવવા માટે તેમની લણણીને આવરી લેવા માટે તાડપત્રીનું વિતરણ સેવાના સભ્યો તરફથી થયું.

મારું નામ બિસ્મીલાબેન નજ્ઞુમિયા સિપાઈ છે. અરવલ્લી જિલ્લાના નાનકડા ગામ દોલાપુરમાં રહું છું. હું અને મારા પતિ અમે મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવતાં હતા. જેમાં ખેત મજૂરી અને અન્ય કામ પણ અમે કરતા. મારે એક પુત્ર હતો. પૌત્ર બે વર્ષનો હતો ત્યારે જ મારો દીકરો અને પુત્રવધુ બન્ને એક કાર એકસીડન્ટમાં મૃત્યુ પામ્યા હતા. મારા આ નાનકડા પૌત્રને મેં અને મારા પતિએ જ મોટો કર્યો છે. થોડા વર્ષો બાદ મારા પતિ પણ મૃત્યુ પામ્યા અને અમારી રોજગારી ઓછી થઈ. આ કારણોસર મારા પૌત્રને પણ ભણવાનું મૂકીને મજૂરી કામમાં જોડાવું પડ્યું. હાલ મારી ઉંમરના કારણે હું પણ મજૂરીકામ કરી શકતી નથી. ઘરડાંનું કોણ?

હાલમાં મારા પૌત્ર મજૂરી કામ માટે જાય છે અને જે કમાણી થાય એમાં અમે અમારું ગુજરાન ચલાવીએ છીએ. અમારે રહેવા માટે ઘર નહતું. જેથી અમે છાપરું બાંધીને ગામમાં જ રહેતા. રોજની મજૂરીમાંથી જે પૈસા આવે એમાંથી કરિયાણું લઈને જમવાનું બનાવતા અને જમતા તો ક્યારેક ભૂખ્યા પણ રહેવું પડે.

આ વખતે વારંવાર કમોસમી વરસાદ અને વાવાઝોડ આવ્યું જેને કારણે અમારા કાણા છાપરામાંથી પાણી ટપકે અને અમે રાતે સૂઈ શકયા નહી.

અચાનક અતિશય વાવાઝોડું આવ્યું અને અમારું છાપરું અને કરિયાણા સહિત બધું જ ઉડી ગયું. ભર ઉનાળે ચોમાસું હોય? અમે એમ જ છાપરા વગર વરસાદમાં જમ્યા વગર આખી રાત સૂઈ રહ્યા. બે દિવસ સતત હેરાન થયા. તાડપત્રી અને કરિયાણાની રૂડીની કીટ મળી. આ તાડપત્રીથી અમે અમારું ફરી નાનકડું છાપરું બનાવ્યું અને આ અનાજથી અમે બનાવીને એ દિવસે જમ્યા.

મારું નામ મનીષાબેન છે. હું આણંદ જિલ્લાના ચકલાસી ગામમાં રહું છું. ગયા વર્ષે અમે સેવા દ્વારા મળેલી તાલીમ ના આધારે અને બધા ખેડૂતોએ ભેગા મળી ને બટાકાની ખેતી કરેલી. જેમાં અમને બિયારણ અને ખાતરની ખરીદીમાં અમને ખર્ચમાં ઘટાડો થયો. સાથે સાથે ઉત્પાદન વખતે બટાકાનો ભાવ ઘટી ગયેલ અને વેપારી ખૂબ જ સસ્તા ભાવે ખરીદી કરતા જેથી નુકશાન જતું. ગયા વર્ષે સેવા ના સહારે અમે અમારા ઉત્પાદિત બટાકાનો કોલ્ડ સ્ટોરેજમાં મૂક્યા અને જયારે ભાવ વધ્યો ત્યારે એમને વેપારી સાથે સંકલન કરી ઉંચો ભાવ મળ્યો.

આ વર્ષે અમારા બટાકા તૈયાર થયા અને હવામાન વિભાગની આગાહી કરવામાં આવી કે વરસાદ થશે. આ સમાચાર સેવા દ્વારા એમને વોઇસ મેસેજ અને આગેવાનોએ રૂબરૂ જણાવ્યું. સાથે સાથે અમને તરત જ તાડપત્રીની સગવડ કરી આપી જેથી અમારા પાકને અમે બચાવી શક્યા. બટાકા બચ્યા. આવક બચી. સૌ બચ્યા.

મારું નામ લક્ષ્મીબેન છે. હું પાટણ જિલ્લાની રહેવાસી છું. કમોસમી વરસાદના લીધે વાતાવરણ બદલાતા વાવાઝોડું આવતાં એરંડા, ઘઉં, કપાસ, વરીયાળી, ચણા, શાકભાજી અને જીરું જેવા પાકોમાં ભારે નુકશાન થયેલ છે, તેમજ વાતાવરણમાં પલટો આવવાના લીધે આરોગ્ય પર તથા તેમના નાના બાળકો પર માઠી અસર થઇ છે. શરદી, તાવ અને ખાંસી જેવી બીમારીનો સામનો કરવો પડે છે. જાણે ચારે માસ રોગચાળો.

અચાનક આ બદલાવ ના લીધે પશુઓ પર અસર થઇ છે. પશુઓ પણ માંદા પડ્યા તેમજ અચાનક આવું વાતાવરણ થતા પશુઓ ડરી ગયા જેના લીધે દૂધના પ્રમાણમાં ઘટાડો થયો, જેથી આવકમાં પણ ઘટાડો થયો. ઉનાળે ચોમાસું બેઠું.

ગાંધીનગર જિલ્લામાં ખેતી ઝૂંબેશ હેઠળ ૮૭ તાડપત્રી બહેનોને મળી હતી. સેવા દ્વારા તેઓને વોઈસ મેસેજ મળ્યા જેથી બહેનો જાગૃત થઇ, જે તાડપત્રી હતી તે સભ્ય બહેનોએ ઢાંકીને પોતાનો પાક બચાવવાનો પ્રયત્ન કર્યો છે અને વધારે નુકસાન થતા બચાવ્યું. ખેતી ઝૂંબેશની તાલીમથી તૈયાર આગેવાનોએ સભ્યોને તાલીમ આપી જાગૃત કર્યા અને ખેતી ઝૂંબેશથી સભ્ય બહેનોને આગળ લાવી શકયા. બહેનો આત્મનિર્ભર બની અત્યારે એમાંથી અમુક સભ્ય બહેનો બજારમાં જાતે ભાવ તાલ કરવા જાય એટલા સક્ષમ બન્યા છે.

ભારતમાં સૌથી વધુ મીઠાનું ઉત્પાદન સુરેન્દ્રનગર જિલ્લામાં મીઠાના અગરિયા કરે છે. વર્ષના પ્રારંભિક સમયે જ ગરમીનું

તાપમાન જોવા મળી રહ્યું છે. હાલમાં આ કમોસમી વરસાદ એટલે વરસાદથી મીઠું બગડશે તો અગરિયાની આખા વર્ષની મહેનત પાણીમાં જશે.

આ ઉપરાંત ખેતી ઝુંબેશે નાના અને સીમાંત ખેડૂતોની ખેતીને બચાવવા અને ટકાઉ કરવા નીચે મુજબની કામગીરી પણ કરવામાં આવી છે.

- વહેલી લણણી કરાયેલ શાકભાજી જથ્થાબંધ હતા અને તેથી તેને તાત્કાલિક બજારની જરૂર હતી. ખેડૂતોને બજાર સાથે અને ઓનલાઈન પ્લેટફોર્મ સાથે જોડ્યા છે. ૧૦૦૦ કિલો ચેરી ટામેટાં માટે બજાર જોડાણ કર્યા જેને સેવા સાથે રહીને હોટેલ ઉદ્યોગો સુધી પહોંચવા લિંક કરી રહી છે, કમલા છૂટક બજાર માટે પ્રોત્સાહન આપી રહી છે.
- ટામેટાંની પ્યુરી બનાવીને મૂલ્યવર્ધન માટે પણ પ્રયાસ કર્યો હતો જેથી ટામેટાંનો બગાડ અટકાવી શકાય.
- બટાકાને કોલ્ડ સ્ટોરેજ સાથે જોડવાની પ્રક્રિયામાં લાવ્યા જેથી કરીને તેને ૧૦ રૂપિયા પ્રતિ કિલોના વર્તમાન નીચા દરે વેચાણ ન કરવું પડે.
- ખેડૂતોને શાકભાજીની વહેલી વીણી અને પાકની લણણી વહેલી તકે કરી સલામત જગાએ પાક લઇ લેવા માટે માર્ગદર્શન આપ્યું.
- કપાસના ખેડૂતોને સિઝનની ત્રીજી લણણી માટે વધુ સારા ભાવ માટે જીનર સાથે વાતચીત કરી જોડાણ કર્યા. માર્ચ ૨૦૨૩ સુધીમાં કુલ ૧૦ કરોડ ક્વિંટલ ખેડૂતોનો કપાસ ૨૬ જિલ્લા અને ૧૧ તાલુકા વેચવામાં મદદ કરી.
- જીરાના ખેડૂતોને કાપણી સમયે વરસાદની આગાહીથી તાત્કાલિક ૫૬૦૦૦ કિલો વેચાણ માટે ઊંઝા જોડે બજાર જોડાણ કરાવ્યું.
- મકાઇ, જુવાર અને ઘાસચારામાં જીવાતનો સામનો કરવા માટેની તાલીમ આણંદ જિલ્લાના દેથલી કૃષિ વિજ્ઞાન કેન્દ્રના નિષ્ણાંત દ્વારા સભ્યોને તાત્કાલિક ઓનલાઈન તાલીમ આપી માર્ગદશન આપવામાં આવ્યું.
- માર્ચ -૨૦૨૩નો મહિનો તો વરસાદની આગાહી વાળો રહ્યો. સભ્યોને સરકારમાંથી પણ ખેતી પાકોમાં થયેલા આ નુકશાન સામે રાહત મળે તે માટે આવેદનપત્ર રાજ્ય કક્ષાએ અને જિલ્લા સ્તરે આપવામાં આવ્યા.

આબોહવાના જોખમ સામે ટકી રહેવા સેવાએ ''સ્વચ્છ આકાશ''ની ઝુંબેશ શરૂ કરી છે જેમાં ટકાઉ કૃષિ પદ્ધતિઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જૈવિક ખેતી અને સોલાર પદ્ધતિથી ખેતીમાં નવીનીકરણ અને ઊર્જા ઉત્પન્ન કરતી પદ્ધતિને આ ઝુંબેશમાં લઇ સેવા ખેતી ઝુંબેશ નાના અને સીમાંત ખેડૂતોને કુદરતના આંચકા સામે કેવી રીતે ઊભા રહેવું તે શીખવે છે. સતત ખેડૂતો સાથે રહી ખેડૂત અને ખેતમજૂર બહેનોની આવક અને રોજગારી સેવા ટકાઉ અને સલામત કરે છે.

**- જ્યોત્સના, મેઘા**

❑

## વાતાવરણમાં પલટો : ગરીબના કામ પર અસર!

વાતાવરણમાં બદલાવ અને અણધારી આફતો આવે ત્યારે નુકસાનનો ભોગ તો નાના અને સીમાંત સભ્યો જ બને છે. તેમના ધંધા પર આની બહુ માઠી અસર પડે છે. જેની વિગતવાર વાત કરીએ તો, ખેતી, પશુપાલન પર સીધી અસર પડે ને તે તેમના રોજિંદું જીવન અસ્તવ્યસ્ત થઇ જાય છે. આ વખતે તો જાન્યુઆરીમાં જ હિટવેવ આવ્યો. શિયાળામાં ઉનાળો! ગામના સભ્યોની વાત કરીએ તો તેમની ચામડી બળી જાય તેવી ગરમી પડી... ઝીણી ઝીણી ફોલ્લીઓ પડી જાય. ખેતરમાં કામ તો કરવા જવું પડે, ના જાય તો વાઢવા-કાપણી ને વાવણીનો સમય બદલીને પણ કામે તો જવું જ પડે. સવારે પહેલી પરોઢિયે ખેતર ભેગા થઇ જાય. ૧૧થી૧૨ વાગ્યા સુધીમાં તો પુષ્કળ ગરમી થાય. આખા ગામમાં સુનકાર થઇ જાય. ગલ્લા બંધ થઇ જાય. પશુ વડ નીચે બેસી જાય. પંખી તળાવ પાળે જંપી જાય.

પશુઓ બીમાર પડી જાય. દૂધ પણ ઓછું આવે. ઘાસચારો ના મળે. કયારેક વધારે ગરમી પડવાને કારણે પશુઓ મુત્યુ પામે. આવા સમયે સભ્યો દેવું કરીને ભેંસ લાવ્યા હોય અને વાતાવરણના બદલાવને કારણે પશુના મરણ થાય તો ત્યારે ધંધો બંધ થઇ જાય અને પશુ પણ ના રહે. વાત કરીએ તો અંદાજે રૂ. ૬૦,૦૦૦/- થી ૭૦,૦૦૦/- નું નુકસાન થાય. દૂધ ઉત્પાદકોને તો મોટું નુકસાન થાય. મહિનામાં ૩ પગાર મળવાને બદલે એક જ પગાર આવે. આની સીધી અસર કુટુંબ પર પડે. ઘરમાં દવાનો ખર્ચો વધે ને ખાવા-પીવામાં પણ કાપ મુકાય. શાળાની ફી લટકી પડે.

છેલ્લા કેટલાક સમયથી વાવાઝોડા અને વરસાદને કારણે આપણા સેવાના નાનાં અને સીમાંત ખેડૂત સભ્યોને બહુ જ નુકસાન થયું છે. આગાહીની વાત કરીએ કે સેવા વોઇઝ મેસેજ દ્વારા સભ્યોને આપણે આગોતરી જાણ તો કરીએ છીએ. સભ્યો સામે ખેતરમાં ઊભો પાક, વાઢેલો પાક રાખવાની કે ઢાંકવાની સગવડ જ ના હોય અને અચાનક વાતાવરણમાં ફેર આવી જાય ત્યારે કરે શું? સવારે ઘઉં વાઢવાના હોય અને રાત્રે વરસાદ તૂટી પડે તો બિચારા ખેડૂત તો નિરાશ થઇ જાય. સીઝનનું કામ કલાકમાં રસાતાળ જાય.

તા. પાંચમીથી સાતમી માર્ચે વંટોળ સાથે વરસાદ આવ્યો. જેમાં ઘઉં, દિવેલા, વરિયાળી, મગફળી, શાકભાજીને ઘણું નુકસાન થયું છે. છાપરાં ઉડ્યા. શાળા બંધ. શાક બગડ્યું. થોડી રાહતની વાત કરીએ તો તાડપત્રી તો આપી પણ મોટાભાગના સભ્યોને નુકસાન થયું છે. બધા સભ્યોને તો કેમના પહોંચી વળાય? દસ વર્ષ પહેલાં ખેતીના દસ સાધનો હતાં, હવે નાના ખેડૂતને પણ પચાસ જાતના સાધન રાખવાના.

આપણે ગાંધીનગર જિલ્લાના ગામડાંઓના સભ્યોના અનુભવની વાત કરીએ, ધંધા રોજગાર પર શું અસર પડે છે. તેમના જ શબ્દોમાં! મારું નામ સે મંજુલાબહેન હિંમતજી રાઠોડ. હું હાલીસા રહું. આ વરહે તો મેં ૧ વીઘામાં ઘઉં વાયા તા. એરંડા ય વાયા તા. ઘઉં તો અસલ થયા. રૂપિયા ૭૦૦૦/-થી ૮૦૦૦/-નો ખર્ચો થયો તો. પણ ચ્યાંથી ય આ વરહાદ આયો ને મારા ઘઉં પલડી ગયા. ૪૫૦૦/-થી ૫૦૦૦/-નું નુકસાન થયું. આ તો પાસો કમોસમી વરહાદ. આણે તો અમારું વરહ બગાડ્યું. મારે તો એરંડા ય સરસ થયા તા... પણ એય વરસાદથી બગડી જ્યાં. એમાંય પાસું નુકસાન. આ વરહ તો માથે પડ્યું. માથે હાથ મેલતાં બોલ્યાં, આ મોંઘવારીમાં ખઇશું શું?

હું રહું એરંડાની મુવાડીમાં. મારું નામ સે કૈલાસબેન. આ વખતે તો અમારી જોયા જેવી થઇ. એક વીઘામાં ઘઉં વાયા તા. આમ તો વરહાદ નોતો આવતો તારે, પાણીની તકલીફ. અને અતારે ના જોઇતો વરહાદ પડ્યો. માંડ માંડ હાથમાં આયેલો કોળિયો જતો રહ્યો બુન. ઘઉં પાકવાનો ટેમ આયો ને વરહાદ વરસ્યો તે બધું પાણીમાં ગયું. આ વરહે તો જે મૂઠી મળવાનું હતું તે ય હાથમાંથી જ્યું. ઘઉં પાકશે તો ખાધા જેટલું થશે પણ હવે તો બીક શે કે ઇ ય ના થયું તો દેવાના દાર. આ તો વાવવાનું અને ઉપરથી ૧૦,૦૦૦/-નું નુકસાન. હવે તો ખેતરમાં વાવવું કે ના વાવવું ઇ જ હમજણ નથ પડતી...! અમે ખેડૂત અને અમે જ ભૂખ્ય રયા.

ગાંધીનગર જિલ્લાના સુજાના મુવાડા ગામમાં રહેતાં અમરતબેન કહે, માથે માણહ ય નહિ. હું રહી વિધવા. ખેતી પર તો મારું ઘર હેડે. આ વરહ તો મેં દોઢ વીઘામાં ઘઉં વાયા તા. શું કેવું બેન તમને, આ તો કુદરતની મેહર છે કે કહેર શું સમજવું? કાળી કહેર. કાળી કાળી. આવું આવું ને આવું હેડશે તો માણહ જાતને જીવવું ભારે પડશે. કમનું જીવવું કે ઘર હેડાડવું જ કેમ નું? આવો વરહાદ તો ક્યાંય જોયો તો... અતારે તો ધરતી ધખતી હોય, લુ વાય, તાપમાં તો શું ખેતરની હામે જોયે તો આંખો અંજાઇ જાય. એની હામે તો આ તો ભર ચોમાસું બેઠું સે. સવારે તાપ તપે, સાંજે વરસાદ અને રાતે પાછી ઠંડી. ઢોરાને ખવડાવવાનું શું? સુકું ઘાસ મળતું હોય એમાં જ ભેંસો પાલવવાની હોય. પણ કરવાનું શું? કેમનું કરવાનું? હુકા ઘાસનાં ભાવના પૈસા વધી ગયા તો ઢોરાને ખવડાવવાનું હું? માણહ ય શું ખાય? આ વરહે તો અમને ૫૦૦૦/-થી ૭,૦૦૦/- નુકસાન થયું સે. પાસું નવું ઘાસ લાવવાનું ને ઘરનું પણ અનાજ લાવવાનું. એય પાસું મોંઘું.... ભાવ તો પાકનો મલહે નહિ, મોંઘું લઇને ખાવાનું ને ખવડાવવાનું, એવું થાય સે કે જીવવું ભારે પડશે ને હવે..? ખેતી કરવી જ નથી. ટેબલ પર કામ કરીએ.

મારું નામ સે કોકિલાબેન. હું સોજામાં રહું. શું વાત કરૂ... આ અણધાર્યું વાતાવરણ પલટાઇ જાય તો અમારે ખેતીમાં શું હારાવાટ આવે? અમે તો ખેતી પર જ જીવીએ. ખેતી બગડે એટલે અમારો ધંધામાં નુકસાન આવે. મેં દિવેલા વાયા તા. વરસાદ આયો ને દિવેલા પલડ્યાં ને કાળા પડી ગયા. હવે તો દિવેલાનો ભાવ પણ ઓછો મળશે. નુકસાન તો ઠીક પણ દેવાનો બોજ વધી જ્યો. આવક કરતાં તો જાવક વધી જઇ. દિવેલામાં એક વીઘાના ભાવની વાત કરીએ તો ૧૨૦૦/- થી ૧૪૦૦/-રૂ. ભાવ મળતો તો. આ વરહે તો ૭૦૦/- થી ૮૦૦/- મળે તો ય હારું સે.. મારે તો દિવેલામાં ૪૦૦૦/-થી ૫૦૦૦/-નું નુકસાન થયું. ખાધા જેટલાં ઘઉં વાયા તા તેય વરહાદ ખઇ ગયો. ખેતરમાં વાવણીનો ખર્ચ વધારે ને ઉત્પાદન તો સાવ ઓછું. સપના પણ હવે આવે તે પહેલાં રોળાઈ જાય છે. અમારું તો વરહ બગડ્યું. મારા કુટુંબનું ભરણપોષણનું શું? વરહાદની સાથે અમારી આશાઓ પર પાણી ફરી જ્યું..?

કડજોદરાના કૈલાસબેન અંદરસિંહ ઝાલા સાથે વાત કરી તો કેવા માંડયાં કે, મી તો પોણા ૨ વીઘામાં ઘઉં ને દોઢ વીઘામાં

વરીયાળી વાયી તી. મારી વરીયાળી તોમાં ફુમતાં આયા તા ને વરહાદ પડ્યો. પાસો વાયરા સાથેનો વરહાદ આયો. ઘઉં ને વરીયાળી પડી જઇ. દાણો તો ના આવે. પાસો કાળો પડી ગયો. એક મણ વરીયાળીનો ભાવ ૨૫૦૦/- થી ૩૦૦૦/-નો ભાવ મલ. આ વરહે તો ૧૦૦૦/- થી ૧૫૦૦/- મલે તો બહુ છે. ખલું પણ ઢોર ના ખાય. વરીયાળીની વાત કરૂ તો ખલું તો ઢોર ય ના ખાય. ઘઉં ધોળા ધબ થઇ ગયા. અને મારું મોં કાળું ધબ. દાણો ઝેણો થઇ ગયો. ઇનો ભાવ હું મળશે? મજૂરી ને મેનત તો કરી પણ વરહાદે બધું પાણીમાં કાઢયું. મારા તો વાઢેલા ઘઉં પલડી જ્યાં. વાવેતર તો કર્યું તો ઇમાં તો અડધા પર તો નુકસાન થયું.

રૂપાબેન માયુસિંહ ચૌહાણ ભૂતેશ્વરીના નિવાસી. મેં તો ૧ વીઘામાં ઘઉં વાયા તા. મને સેવામાંથી તાડપત્રી મળી. એનાથી અમારો પાક તો બચી જ્યો. અમે તો ખેતરમાં રહીએ છીએ. ગામમાં રહેતા હોય તો એકબીજાના ઘરેથી મીણીયું લાવીને ઢાંકીએ. આવા સમયે તો પાકમાં ખર્ચા કર્યા હોય અને પાક પલડે તો કંઇ સૂઝ ના પડે. તાત્કાલિક તાડપત્રીનો ખર્ચો કેવી રીતે કરીએ? પણ સેવામાંથી મળેલી એટલે મારો પાક હચવાઇ જ્યો.

**- તારા નાયક, ગાંધીનગર જિલ્લા ટીમ**

❑

## એક સાંધે ત્યાં તેર તૂટે

મેરા નામ મોસ્મીનાબેન હૈ. મે સિલાઈ કામ કરતી હું. ઔર મેરી બેટી સાઈડ મે સ્ટોન કા ભી કામ કરતી હૈ. સિલાઈ કામ મે એપરલ, ડોક્ટર યુનિફોર્મ, ટોપ, પ્લાઝા સીતી હું. ફૂલ કામ મિલે તો રોજ કે ૩૦૦ રૂ. કા ભી હો ૨૦૦ રૂ. કા ભી કામ હોતા હૈ ઔર અગર ના હો તો ૫૦ રૂ. કા ભી નહિ મિલતા. અબ મેરે ઘર મે મેરી બેટી મેરે કામ મે મદદ કરતી હૈ. મે સિલાઈ કા જબ કામ કરતી હું તબ વો બહાર બૈઠ કે નંગ લગાને કા કામ કરતી હૈ. ઔર સિલાઈ મે ભી મદદ કરતી હૈ. અભી તો દેખો હમારા તો પતરે વાલા ઘર હૈ ઔર વો ભી ભાડે કા! કભી બારીશ ગીર જાયે તો કામ બંધ કર દેના પડે. મેરા ઘર છોટા તો માલ જયાદા લે આઉં તો રખને કી તકલીફ પડતી હૈ. મોસમ કા કુછ નક્કી નહિ હૈ કુછ પતા નહિ ચલતા. આજ પાણી. કલ ધૂપ. માલ લેને દેને ગયે હો ઔર અચાનક બારીશ હો જાયે તો માલ પે પાની ગીરે તો ઉસકા નુકસાન તો હમારે કો હી ઉઠાના પડે ને? માલ સીવે ૧ રૂ. કા ઔર નુકસાન હોવે ૧૦૦ રૂ.! ઇસકે લિયે તો બહોત સોચ કે માલ લેને દેને જાના પડતા હૈ. અભી તો અચાનક બારીશ આયા તો ઠંડક હો ગયી પર ઐસે મોસમ મે શરીર મેં તકલીફ બઢ જાતી હૈ યું હી સિલાઈ કામ કરકે તો કમ્મર મે દુઃખાવા હોતા હી હૈ ઔર ઐસે ઠંડક બઢતી હૈ તો કમ્મર તો દુખતી જ હૈ. સાથ સાથ મેં હાથ પાંવ ભી દુઃખને લગતે હૈ. સર ભી ભારી હો જાતા હૈ. અબ મેરી બેટી જો સ્ટોન કા કામ કરતી હૈ. વો બહાર બેઠ કે કરતી હૈ પર ઐસી સીઝન મે બહાર બૈઠ કે કામ ની કર શકતી. અબ સ્ટોન કા કામ તો બંધ રખના પડતા હૈ. અગર વો ઘર મે બૈઠ કે કરે તો મે સિલાઈ કા માલ કહાં રખું? અબ ઇસમેં તો વો કેહતે હૈ ને કે ‘ એક સાંધે ત્યાં તેર તૂટે’ એસી હાલત હો ગયી હૈ. એક તો મેંઘવારી. શરીર મેં તકલીફ. કામ મેં મંદી. દવાખાને કા ખર્ચા. બાપ રે ક્યા કરે ને ક્યા ના કરે? બહોત તકલીફ પડ જાતી હૈ. અબ ખબર હોવે કે ચલો અબ બારીશ કી સીઝન આઈ તો ઉસકી તૈયારી કરકે રખતે હૈ કે, પતરે પે પ્લાસ્ટિક લાકે બીછાતે હૈ. બહાર ખુલ્લે ભાગ મેંભી થોડા વાછોટીયા લગા દેતે હૈ. અબ, અચાનક બારીશ આવે તો ક્યા કરના? સબ જલ્દી જલ્દી માલ ઉઠાના. ઘર મેં ભી ઘર કા સમાન ભી ઉઠાકે ઉસકી ભી જગ્યા કરની પડતી હૈ. પ્લાસ્ટિક સે કિતની ચીઝે ઢકની પડતી હૈ! અભી તો એકદમ સે બારીશ આઇ તો નંગ લગાને મે તો બડે ડ્રેસ થે તો, ઉસકો આધા માલ ઘર મે રખા ઔર દુસરા આધા માલ વાપસ દે દિયા. ભીગ જાવે તો ઉસકા નુકસાન કોન ભરે? સિલાઈ કામ મેં ભી ધ્યાન કરના પડતા હૈ. મશીન પે હી સબ માલ રખના પડતા હૈ ઔર સીના પડતા હૈ. ઘર મેં ભી અંધેરા હો જાતા હૈ તો લાઈટ ભી ચાલુ રખની પડતી હૈ. અબ બોલો, ક્યા કરું? ક્યા બોલુ ઉસકો? કમાના કે ખર્ચા કરના પર ક્યા કરે ઇતના ખર્ચા કર કે ભી કમાના પડતા હૈ નહિ તો ક્યા કરેંગે? બસ અલ્લાહ સે દુવા હૈ કે હમારી તું હી સુન. તેરે પર હી ભરોસા હૈ. તુ હમારા ભરોસા રખ લે. રહમત કર. સબકો સાથ રખ.

**- અનીશા શેખ**

❑

## ચૈત્રમાં અષાઢ

મારું નામ હંસા જાદવ છે. હું છેલ્લા ૩૦ વર્ષથી ભાવનગરમાં અલંગ શીપ બ્રેકીંગ યાર્ડમાંથી આવતા જહાજોનાં એંકર પીગળાવવાનું પ્લાસ્ટિકમાં કામ કરું છું. મારા ૫૦ વર્ષની ઉંમરમાં મેં ક્યારેય આવું જોયું નથી ચૈત્રના તડકામાં આ મેહુલિયો કેવી રીતે વરસી શકે ભર ઉનાળે ભર ચોમાસું હોય એવું વાતાવરણ કોઈ દી જોયું નથી.આની સીધી અસર ગરીબ

માણસના શરીર ઉપર પડે છે અને અમારા જેવા લોકોના કામ ધંધા ઉપર અને નાના નાના ઘરોમાં રહીએ રોજનું લાઇ રોજ ખાઈએ .આ ભારે વરસાદને કારણે કામે ના જઈ શકીએ. ભારે પવનના કારણે પતરા ઉડી જાય. ઘરમાં પાણી પડે. અનાજ બગડે. ટેબલ પલળે. બીછાના ભેજવાળા થાય. વિસ્તારમાં ગટરો ઉભરાય અને ઘરમાં બીમારી વધી છે. ઘરમાં મચ્છરોનો ત્રાસ વધી ગયો છે આવા ડબલ વાતાવરણને કારણે મારા ઘરના બે સભ્યો બીમાર છે. છેલ્લા ત્રણ દિવસથી એમને તાવ આવે છે. કોઈને કામે જવાનું મન નથી થતું.રોજનું ૪૦૦ થી રૂ.૫૦૦ નું કમાતા અમે આજે માંડ ૨૦૦થી ૩૦૦ રૂપિયા કમાઈ શકીએ છીએ. આ વાતાવરણ ને કારણે મોંઘવારી દિવસેને દિવસે વધતી જાય છે શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે.ત્રીસ રૂપિયા ના ૨૫૦ ગ્રામ રીંગણ કોઈદી ભાળ્યા છે? કેમ ખાવું? કેમ જીવો આને કુદરતનો કોપ કહેવાય. અને આમાં અમારા જેવા મજૂર લોકો કરી પણ શું શકે. એક બાજુ કામમાં મંદી તો છે અને એમાં આ વારંવાર થતો વાતાવરણ નો પલટો અમારી કડ વાળી નાખે છે. ચૈત્રમાં અષાઢ.

❑

## સોપારીની સોપારી

ભાવનગરના ચંદ્રિકાબેન કહે, ગઈ છઠ્ઠી તારીખથી ઉનાળાની શરૂઆતમાં જ અવાર-નવાર વરસાદ વરસી રહ્યો છે. છેલ્લા ૨૦ દિવસથી પૂરો તડકો નીકળ્યો નથી અને આ



સોપારી વર્કર

કમોસમી વરસાદને કારણે અમારે કામ કરવું મુશ્કેલ થઈ પડ્યું છે. હું સોપારી કાપવાનું કામ કરું છું. ભેજને કારણે સોપારી કાપવી અઘરી પડી જાય છે. ખૂબ મહેનત લાગે છે તડકામાં સોપારી એકદમ સુકાયેલી હોય તો અમે ફટફટ કાપી શકીએ રોજનું રૂ.૪૦૦નું કામ તો આરામથી કરી નાખીએ. રોજની ૧૦ કિલો સોપારી અમે રમતા રમતા કાપી નાખીએ પણ આ વરસાદને કારણે સખત ભેજને લીધે કામ અડધું થઈ ગયું છે. કામના કલાકોમાં પણ વધારો થયો છે. અમે અમારા ઘરમાં બેસીને જ કામ કરીએ. આ વાવાઝોડા અને વરસાદને કારણે ઘરમાં પાણી પડે. અમારો માલ ભીનો થઈ જાય. ખૂબ મુશ્કેલ પરિસ્થિતિ છે. એક બાજુ કામ ઓછું થાય અને બીજી બાજુ સતત દરેક વસ્તુના ભાવ વધતા જાય. અમારા વિસ્તારમાં પાણી ભરાઈ જાય. મચ્છરોનો ખૂબ ઉપદ્રવ થઈ ગયો છે. ચારે બાજુ મેલેરિયા અને તાવ છે. આ વરસાદ એ તો હેરાન કરી નાખ્યા છે. શું કરવું? એ જ નથી સમજાતું.

## ભીનો ભંગાર

મારું નામ શરીફા. હું મોતી તળાવ વિસ્તારમાં રહું છું અને ભંગાર તોડવાનું કામ કરું છું.કોઈ વર્ષે આવું નથી થયું. અમારે રમઝાનમાં ઈફતાર કરવા માટે પણ મુશ્કેલી ઊભી થાય. છેલ્લા એક વર્ષથી અમારા ભંગાર તોડવાના કામમાં સતત મંદી ચાલી રહી છે. અલંગમાં શીપ આવતી નથી. વર્ષમાં જ્યાં ૭૦થી ૮૦ નંગ શિપ આવતી હતી, ત્યાં છેલ્લા છ મહિનામાં ૧૫થી ૧૭ જેટલી શીપ આવી છે. જેને કારણે અમારી પાસે માલ ઓછો આવે છે. માલ ઓછો આવવાના કારણે અમારી રોજગારી ઉપર એની સીધી અસર છે. ત્યાં આ કમોસમી વરસાદ જે થોડો ઘણો માલ લઈને અમે તોડીએ એમાંથી અમારું ગુજરાન ચલાવીએ પરંતુ અમે અમારા ઘરની બહાર ખુલ્લામાં નાની જગ્યામાં આ ભંગાર તોડીએ. આ ભંગાર ભીનો થઈ ગયો. ભીના ભંગારની કિમત ઓછી.વરસાદને કારણે પાણી ભરાય. મચ્છરો થાય. કાદવ કીચડ હોય. અમે અમારા ઘરની બાર ભંગાર તોડી ના શકીએ. અમારે જેટલા દિવસ વરસાદ પડે એટલા દિવસે કામ બંધ રાખવું પડે જેની સીધી અસર અમારી આવક ઉપર પડે. એક બાજુ મંદી અને બીજી બાજુ જો કામ થોડું ઘણું પણ મળે તો અમે કરી ના શકીએ. આ વરસાદ છેલ્લા એક મહિનાથી એક દિવસ. આવે બે દિવસ ના આવે એવી સતત આવન જાવન ચાલુ છે. જેના કારણે તોડવા માટે લાવેલો માલ પણ ઘરમાં પડી રહ્યો છે. અમારી મૂડી રોકાયેલી છે. અમારો રમજાન ચાલુ છે. રમજાનમાં ઇફતાર કરવા માટે પણ મુશ્કેલી પડે છે. આ કપરી

Reg. No. : S12446

# શ્રી મહિલા સેવા સહકારી બેંક લિ.

૧૦૯, સાકાર-૨, ટાઉન હોલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૯૧૬૫૨, ૦૭૯-૨૬૫૮૧૫૯૭, ઈ-મેલ : mail@sewabank.com
વેબ સાઈટ : www.sewabank.com

## ગુજરાતમાં ૧૩ શાખાઓ સાથે ૪૯ વર્ષથી સેવા આપતી બેંક

**મેળવો સરળતાથી અને ઝડપી લોન ઓછામાં ઓછા ડોક્યુમેન્ટ્સ સાથે**



ગોલ્ડ લોન



ઘર લોન




વ્યક્તિગત લોન




મેળવો ડીપોઝીટ ઉપર ૯૦% સુધી નો ઓવર ડ્રાફ્ટ



ધંધો વિકસાવા માટે લીમીટવાળી લોન



ધંધા ને લગતા મશીન ખરીદવાની લોન

**અન્ય :**

- સેવા બેંકમાં ખાતું ખોલાવો અને સરળતાથી લોન મેળવો
- મોર્ટગેજ લોન સુવિધા
- ઘર વપરાશ તતા સૂર્ય શક્તિથી ચાલતા સાધનો ખરીદવા માટે લોન ઉપલબ્ધ
- ઈ.સી.એસ. તથા યુપિઆઈ દ્વારા ઘરે બેઠા સરળતાથી હપ્તા ભરવાની સેવા ઉપલબ્ધ

પરિસ્થિતિમાં અમારે ઘરનું ગુજરાન ચલાવવું પણ મુશ્કેલ બન્યું છે. સંસાર ભંગાર થઈ ગયો છે.

## ભીની ભીંત

મારું નામ પાર્વતિબેન મકવાણા. મારું કામ કડિયાકામ અને ઈંટ મજૂરીનું. આ વરસાદને કારણે અમારે કડિયા કામદાર બહેનોને કામ મેળવવામાં બહુ જ મુશ્કેલી પડે છે કોરોના પછી આમ પણ કામમાં એટલો બધો ઉછાળો નથી. ભાઈઓ મજૂરી કરવા વધી ગયા હોવાને કારણે અમારા ભાગેઆમ પણ મજૂરીનું નાનું કામ ઓછું મળે. આ વરસાદ નાકા ઉપર જઈએ વાતાવરણમાં અચાનક પલટો આવે વરસાદ પડે, અમારે કામેથી ઘરે પાછા ફરવું પડે. એક કલાક કે બે કલાક કામ કર્યું હોય તો પણ દાડી ના મળે. કામ બંધ રાખી પાછા જવું પડે. અમે રોજનું રોજ લાઇ ખાવાવાળા રોજની રૂ. ૪૦૦ની દાડી મળે. મહિનામાં માંડ આઠ કે નવ દિવસની દાડી. ભીની ઈંડોથી ભીની ભીંતો બાંધવી સહેલી છે.

મારા ઘરમાં હું મારો દીકરો અને મારા ઘરવાળા ત્રણેય કડિયા કામ કરીએ. છેલ્લા એક મહિનાથી માંડ ૧૦ દિવસથી દાડી અમે કરી છે. વરસાદના આવન જાવનના કારણે ક્યાંય સ્થિર કામ મળતું નથી. છૂટક છૂટક નાનું મોટું કામ કરી ગુજરાત ચલાવવું પડે છે.આ વરસાદને કારણે આવક ઉપર ખૂબ માઠી અસર થઈ છે. જાણે કુદરતનો કોપ અમારા સૌ ઉપર પડ્યો હોય એવું લાગે છે.

મારું નામ મીનલબેન. ભાવનગરમાં રહું છું. ગરીબ કામદાર બહેનો સાથે સંગઠન કરું છું.આવી તો ઘણી વાતો ઘણા બધા કામદારોની છે કમોસમી વરસાદને કારણે સામાન્ય રીતે જીવન જીવતા આપણા શ્રમજીવી કામદારોના કામમાં એમના રોજગાર ઉપર એમના પરિવાર ઉપર તેમજ આરોગ્ય ઉપર આની સીધી અસર થઈ છે. ગયા વર્ષે આવેલ તાવ અને આ વર્ષે સતત ચાલુ રહેલો આકમોસમી વરસાદ કામદાર બહેનોના જીવનને અસ્તવ્યસ્ત કરી રહ્યું છે.

**- મીનલ**

❑

## ધંધા-પાણી ધીરા

હાલ ક્યારે શિયાળો, ક્યારે ઊનાળો અને ક્યારે ચોમાસું? વરસાદ અચાનક પડે છે. વાવાઝોડું આવી જાય છે. હવે તો વરસાદમાં કરા પડે છે તો બાંધકામનું કામ બંધ થઈ જાય છે અને નાકા પર પણ માણસો ઘરે જતા રહે છે. ખુલ્લામાં કામ કરવાનું ઉપરથી વરસાદ અને વાવાઝોડાથી દરેક ધંધામાં નુકશાન થાય છે એટલે કામદારોની રોજગારી પર અસર થાય છે અને વાતાવરણના બદલાવથી નવા નવા રોગ ઊભા થાય છે જેવા કે શરદી, તાવ, ઉધરસ ઘરે ઘરે થાય છે. આ કારણે પણ રોજગારી પર જઈ શકતા નથી અને ઉપરથી દવા કરવાની તો ઊછીના કે વ્યાજે રૂપિયા લાવી દવા કરાવવી પડે છે. ધંધા ધીરા પડ્યાં છે.

બદલાતા વાતાવરણથી વેસ્ટ રિસાયકલર્સને ઘણું નુકશાન થાય છે. ઓચિંતા વરસાદ કે વાવાઝોડાથી શોર્ટિંગ કરવાના થેલા પલળી જાય. એ માલ સુકવી વેચવા જાય તો કાગળ ના ભાવ ૧૦થી ૧૫ રૂ. કિલો વેચાતા હોય તે  કાગળ ૩થી ૫માં વેચાય. ઘર નાના હોવાથી બધા થેલા બહાર ફૂટપાથ ઉપર મુકીએ તો, એ વાવાઝોડાથી કાગળ ના થેલા પણ પવનથી ઊડી જાય. ૮૦થી ૯૦ની ઝડપે પવન ફૂંકાતો હોય એટલે કાગળો બધા ઊડી જાય સાથે વરસાદ આ વખતે પડ્યો એટલે ઘરના નીચાણવાળા ભાગના ઘરોમાં પણ નુકશાન થાય. ઘરમાં જે થોડું રાશન હોય તે પણ પલળી જાય. વેસ્ટ ભરેલો થેલો માથે મુકેલા હોય અને પવન ફૂંકાયો હોય એટલે માથા પરનો થેલો સાચવવાનો મુશ્કેલ બને. ગોમતબેન કહે, વરસાદ અને પવન અંધારું થઇ જાય અને અમે બે ટાઈમ વીણવા જઈએ તે વાતાવરણ ક્યારે બદલાઈ જાય છે તેનું કોઈ નક્કી નથી હોતું, એટલે અમારે તો રોજી જાય, આવક ઘટી જાય એટલે કામ ના થાય. અમારી દવા અમે સરકારી દવાખાનેથી લાવીએ પણ, સારું ના થાય તો પ્રાયવેટમાં દવા લેવા જઈએ, એટલે વ્યાજે પૈસા લાવીએ એટલે દેવાદાર થવાય છે આથી આર્થિક ભીંસમાં આવી જવાય છે. ધંધા-પાણી બંધ થવાથી અમારી હાલત કફોડી થઇ જાય છે.

સતત વાવાઝોડા અને વરસાદથી દરેક ધંધામાં નુકશાન થાય છે. ઘરમાં બેસી કામ કરતા બહેનોને તો ઘર નાના અને ટીકી ભરતા હોય, સિલાઈ કરતા હોય, ધાગા કટિંગ કરતા હોય એવા નાના-મોટા ધંધા ઉપર વધારે અસર થાય છે. કેમ કે, જે ઠેકેદારો માલ આપવા ને લેવા આવતા હોય તે આવી ના શકે અને જે બહેનો બજારમાંથી ડાયરેક્ટ માલ લાવતા હોય એ બહેનો માલ લેવા જઈ શકતા નથી અચાનક જ વાતાવરણ બદલાય છે એટલે માલ લેવા ગયા હોય કે ઠેકેદાર આપવા આવ્યા હોય તો વહેંચતાં વહેંચતા માલ પલળી જાય, બજારથી લઈને રસ્તામાં હોય તોય

માલ પલળી જાય અને વજન બધી જાય એટલે એ માલની મજુરી અડધી કપાય જાય.

હનીસાબેન કહે, હમારે કો રહને કે લિયે કાચા ઝોપડા હૈ. ઈસમેં એક ખટીયા ઔર થોડી બૈઠને કી જગા હૈ. ઈસમેં હમ પતંગ લગાને કરતે હૈ. પતંગ બનાને કે કાગજ પર જો કેમિકલવાલી ગમ લગાની હોતી હૈ વો બારીશ કે વજહ સે ઔર નરમ હો જાતી હૈ. ઈસ વજહ સે હમ કામ નહિ કર પાતે. પતંગ કા કામ હમ હમારે ઘર કે આગે ગલી હૈ વહાં બૈઠ કે બનાતે હૈ. વાવાઝોડા ઔર બારીસ આયેગી તો પતંગ બનાને કે કાગજ તો બિલ્કુલ હી બીગડ જાતા હૈ, અગર પ્લાસ્ટિક જૈસા પતંગ હો તો ઈસમેં નુકશાન કમ હોતા હૈ. કાગજવાલી પતંગ સે હી તો હમારી રોજગારી ચાલતી હૈ! અગર અચાનક સે બારીસ આ જાયે તો કઈ બાર હમારા લાયેલા કામ જીતના ભી કચ્ચા મટીરિયલ હોતા હૈ વો ભીગ જાયે તો ઈસકા પૈસા બી ભરના પડતા હૈ. કામ તો કુછ હોતા નહીં ઉપર સે ઘર સે પૈસે જોડને પડતે હૈ. ઐસી હમારી હાલત હો જાતી હૈ. હમારે ઘર મેં કોઈ સરકારી નોકરીવાલે નહિ હૈ તો મહીને ભર પગાર આયેગી તો ૩ બચ્ચે ઔર હમ દો પતિ-પત્ની પાંચ લોગો કા ગુજારા હો. અલ્લા બી રૂઠા હૈ ક્યા કરે? યે સબ પરેશાની મેં હમકો બીપી બઢ જાતા હૈ. બારીસ કી વજે હમારી ઝોંપડપટ્ટી મેં કીચડ હોતા હૈ ઔર ગંદકી હોતી હૈ. તો બચ્ચે ભી બીમાર હો જાતે હૈ હમ ઈન્સાન હૈ જો અલ્લા રખેગા ઐસા રહેંગે. કામ-ધંધે બીના કેસે રહેંગે?

ધાગા કટિંગવાળા સવિતાબેન કહે, અમે મહિનાના ૩૦ દિવસ કામ કરીએ, આખા ઘરના કામ કરીએ. મારી ૩ દીકરીઓને હું સાંજ પડે ૪૦૦ રૂ.નું કામ કરી લઈએ પણ, આ વર્ષ કેવું આવ્યું છે? આ વાવાઝોડાને વરસાદ આખા દેશમાં પડે છે. દરેક રાજ્યોમાં અરસ-પરસ માલ-સામાન આવતો જતો હોય પણ, અચાનક વાતાવરણ બગડવાથી આગળથી આવતો માલ અટકી જતો હોય છે. જેના લીધે કામ પણ ઓછું મળે મહિનામાં માંડ ૧૦ દિવસ કામ હાથમાં આવે. શહેરમાં ધાગા કટિંગવાળી બહેનો હજારોમાં છે દરેકની કફોડી સ્થિતિ થઈ જાય છે. ઘરમાં એકદમ કરકસર કરવી પડે. બે ટંક ચા બનાવતા હોય તો એક ટાઈમ બનાવી સવારમાં ચા-રોટલા ખાઈ આખો દિવસ ચલાવીએ એટલે શરીરમાં પુરતો ખોરાક પણ નથી લઈ શકાતો. અમે તો ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે, હવે ખમૈયા કરો. કળયુગમાં માણસો તો રૂઠયા છે પણ ભગવાન તું તો અમારા પર દયા કર!

હમણાં જ એક દીકરીના લગ્ન કર્યા તો આ કામ કરી થોડી બચત કરેલ અને થોડું દેવું કરેલ તે ય આ છ મહિનાથી ભરાતું નથી. વ્યાજ ૩% લેખે ચઢે છે આર્થિક રીતે અમારા જેવું કામ કરવાવાળીની કમ્મર તુટી ગઈ છે. મહીને બાર તેર હજાર કમાતા અને આ વરસાદ અને વાવાઝોડાના કારણેમાલની હેરાફેરી બંધ થવાથી માંડ ૫૦૦ રૂ.નું કામ થાય છે. આ છે અમારી જિંદગી! ઓચિંતા વાતાવરણ બદલાવાથી ક્યાંય બહાર ગયા હોય તો ય અટવાઈ જવાય છે. માણસોની જગ્યા એ મશીનો આવી ગયા જ્યાં જુવો ત્યાં પાણી પ્રદૂષણવાળું જ્યાં ને ત્યાં ફેકટરીઓ ના ધુમાડા લાગે. હવે તો વળી, દરેકના ઘરમાં એક કે બે વાહનો હોય એ બધાના ધુમાડા ક્યાં જાય? આકાશમાં જાય અને એ જ ધુમાડા પવનરૂપે, વરસાદરૂપે વરસે અને કરા પડે, વીજળી પડે એટલે એની અસર આપણા ધંધા-રોજગાર, આરોગ્ય અને બાળકોના ભણતર પર પડે છે. આને આપણે જ બચાવવાનું છે.

**- રમીલા**

❑

## ભવિષ્ય વગરની જીંદગી

તાજેતરમાં વાતાવરણમાં બદલાવ આવ્યો. વરસાદ ચાર-પાંચ દિવસ સતત પડયો. આમ અચાનક વરસાદ પડે તેની અમારા ધંધા અને અમારા શરીર પર ખરાબ અસર થાય છે. એમ લાગે છે કે જાણે, ભગવાન રૂઠયો છે. ખબર નહીં આગળ અમારા બાળકોના ભવિષ્યનું શું થશે? આ માટેના વેચનારા બહેનોએ પોતાની વાત કરીઃ ભવિષ્ય જાણે દેખાતું નથી.

દાણાપીઠ બજારમાં ૨૨ વર્ષથી શાકભાજી વેચતા આગેવાન કાન્તાબહેને દુઃખી થઈને જણાવ્યું કે, હમણાં ૧૦ દિવસ પહેલા અચાનક વરસાદ આવ્યોને મોંઘાભાવનું શાક જેમાં ૨૦૦ કિલો ચોળી, ૨૦૦ કિલો ગવાર વરસાદ આવતાં પલળી જવાથી ફૂગ આવીને કોહવાઈ ગયા. અમારે ૨ નંબરના ભાવે વેચવું પડયું. ભાજી રૂ.૩૦૦૦ની હતી પલળી જવાથી સાવ લોચો થઈ ગઈ બધી નાંખી દેવી પડી. અચાનક વરસાદ આવતાં માલને નુકશાન ના થાય તેવી જગ્યાએ ગોઠવ્યો. મારા પતિ તો માંદા થઈ ગયા શરદી, ખાંસી-તાવ આવી ગયો. મરચા પાણીમાં પલળવાથી ફોદે ફોદા ઊડી ગયાં. આવા વાતાવરણમાં બદલાવ આવે ગ્રાહક પણ નાસભાગ કરે અને પછી તો કોઈ દેખાય જ નહીં. એટલે તે

# ચાલો, ચાલો કમ્પ્યૂટર શીખવા... સેવા અકાદમીમાં જઈએ

## ઈન્ડિયન એકેડમી ફોર સેલ્ફ એમ્પ્લોઈડ વુમન (સેવા અકાદમી)માં ચાલતા કમ્પ્યૂટર ક્લાસની વિશેષતાઓ

❖ ફક્ત બહેનો દ્વારા ચલાવવામાં આવતા વર્ગો.
❖ માત્ર ૧૬ થી ૨૨ વર્ષની કિશોરીઓને જ પ્રવેશ મળશે.
❖ ત્રણ મહિનાના વર્ગ છે. દિવસના ચાર કલાકનું શિક્ષણ. હવે ઑનલાઈન થીયરી ક્લાસ અને પ્રેક્ટીકલ શિક્ષણ પણ ખરું.
❖ વર્ગોની સાથે અંગ્રેજી વિનામૂલ્યે શીખવવામાં આવશે.
❖ કમ્પ્યૂટર શીખવા માટે ખાસ લાયકાત (ભણતર)ની જરૂર નથી.
❖ દરેક કિશોરીને વ્યક્તિગત કમ્પ્યૂટર પર શિક્ષણ.
❖ કમ્પ્યૂટર સાથે જીવનલક્ષી શિક્ષણની પણ તાલીમ અપાશે.
❖ એ.સી.ટી.ના વ્યવસાયી માર્ગદર્શક દ્વારા કાર્યદક્ષ તાલીમ.
❖ તાલીમને અંતે એ.સી.ટી.નું સર્ટિફિકેટ આપવામાં આવશે.
❖ દરેક મહિનાને અંતે અંગ્રેજી અને કમ્પ્યૂટરની પરીક્ષા લેવામાં આવશે.
❖ આ સાથે વિવિધ તાલીમ જેવી કે આરોગ્ય, સેવા બૅન્ક, સ્વબચાવ, જેન્ડર તેમ જ લેખન તાલીમ વગેરે આપવામાં આવે છે.
❖ કિશોરીઓને શૈક્ષણિક પ્રવાસ અંતર્ગત અમદાવાદની વિવિધ સંસ્થાની કે સેવા બેંકની મુલાકાત કરાવવામાં આવે છે.
❖ સાંસ્કૃતિક કાર્યક્રમ અને રમતો દ્વારા તેમની આંતર કુનેહનો વિકાસ કરવામાં આવે છે.
❖ અનુકૂળ ટાઈમટેબલ (અલગ અલગ સમય પર કિશોરીઓ માટે બેચની વ્યવસ્થા)
❖ સંદર્ભ પુસ્તિકા અને અન્ય સામગ્રી.

### ☼ દિવસ દરમિયાનની બેચના સમય ☼

● ૧૦.૩૦ થી ૧૨.૩૦

બપોરે ૧૨.૩૦ થી ૨.૩૦ ● ૦૨.૩૦ થી ૦૬.૦૦

### -: સંપર્ક સ્થળ :-

ઈન્ડિયન એકેડમી ફોર સેલ્ફ એમ્પ્લોઈડ વુમન
**સેવા અકાદમી**
સનેય-૨, હેમકૂટ બીલ્ડીંગ પાસે, ગાંધીગ્રામ રેલ્વે સ્ટેશનની સામે,
એલિસબ્રીજ, અમદાવાદ - ૬
ફોન નં: ૨૬૫૭૭૩૭૧, ૨૬૫૮૭૦૮૬
Email : iasew1905@gmail.com • website : www.sewaacademy.org

દિવસની ઘરાકી સાવ જાય. જ્યારે આવું બને ત્યારે મગજ કામ નથી કરતું, માનસિક ત્રાસ મને થઇ જાય છે. આવા વાતાવરણને લીધે બિમારી ફેલાય બીમારીમાં પૈસા જાય. ઘરાકો ૨૦ રૂપિયાનું ખરીદતા હોય તે ૧૦નું ખરીદે, આમ ધંધામાં મંદી આવી જાય છે. ઘરનો ખર્ચ પણ નીકળતો નથી. સારા ભવિષ્યની આશા વગર કામ કેમ કરીએ?

પહેલાં ૫ મણનો બોરો આવતો એવા ૨ બોરા રોજના વેચાતાં અત્યારે ૧૫થી ૨૦ કિલોનું ઝભલું આવે તે પણ કોઇ કોઇ દિવસે માંડ વેચાય, તો કોઇ દિવસ પડી રહે છે. અમારી ઘરાકી ઓછી થઇ છે અને આવક ઘટી છે.

કાન્તાબહેન કહે, જાણે, મા રૂઠી છે. તે રોજ અવનવી હોનારત થઇ રહી છે જેના લીધે અમારા શ્રમજીવીઓનું જીવવું મુશ્કેલ બન્યું છે. એકદમ વાવાઝોડું આવે ને વરસાદ પડે એટલે માલ પલળીને રમણભમણ થઇ જાય. ભાજી ૧૦ કિલો જેટલી હતી તે ધૂળ માટી ઉડી અને પછી વરસાદમાં પલળી એટલે બીજા દિવસે બધી ફેંકી દીધી. આ જુઓ બેન, કાકડી પલળી, એટલે આ બગડી ગઇ. ખરેખર બધી કાકડી કરમાઇને ઢીલી પડેલી હતી. આ કાકડી ૫૦૦ રૂ.ની ૨૦ કિ. આવે, બીજા દિવસે તેમાંથી આડધો અડધ બફાઇ તે ફેંકી દેવી પડી અને વરસાદને લીધે માલ થોડો-ઘણો તો આગળથી જ પલળેલો આવે અને પ્લાસ્ટીકના ઝભલામાં હોય થોડો પણ તડકો પડે એટલે બફાઇ જાય. બીજુ કે, હવે મારી ઉંમર થઇ અચાનક ગરમી વરસાદ પડે, બેસી શકાય નહીં. માલના બચાવ માટે છત્રી, ઝંડા બાંધવા પડે. રોજના છત્રીના રૂ.૧૦ ચુકવવા પડે અને આવક તો આવા સમયે ઓછી કે ના પણ થાય. મૂડીની તૂટ પડતાં તમારા મારા જેવા પાસે વ્યાજે ૫થી ૧૦ % લઇ ધંધો કરીએ. છત્રી પણ બહુ મોટી ના લગાવી શકીએ નહિતર દબાણ આવીને હેરાન કરે. છત્રી લઇ જાય ને વળી નાની છત્રીને લીધે અડધો માલ ઢંકાય અડધો ના ઢંકાય ને આમ અચાનક વરસાદ આવવાથી માલ કે અમે બન્ને પલળી જઇએ જેથી માલનું તો નુકશાન થાય પણ માદંગી પણ આવે. મારી આજ તો આવનારી કાલ પર નભે છે.

જોઅમને વરસાદ, તડકાથી બચવા સારામાંની છત્રીની યોજના સરકાર બનાવે તો, મળે તો મહિનાના ૩૦૦ રૂ. અમારા બચે અને રાહત ધંધામાં થાય.

વાલીબેન વેચનાર કહે, ૨૦ વર્ષથી વેચવાનું કામ કરું છું. પણ હમણાં છેલ્લા ૪ વર્ષથી તો ગજબ જ થાય છે ક્યારે અચાનક વરસાદ આવે તો ક્યારેક બળબળતી ગરમી પડે શું કરવું ને શું ના કરવું ? ખબર નથી પડતી. રૂમે તો ગરીબ, શ્રમજીવી આને સામે ટક્કર જીલવી ખૂબ મુશ્કેલ છે. તે જણાવે છે કે, આમ, અચાનક વરસાદ આવવાથી માલ પલળી જાય ને તેમાં ફૂગ ચઢી જાય તે માલ અડધાથી ઉપર ફેંકવામાં જાય. છેલ્લા ૩-૪ દિવસમાં ૫૦૦ રૂ.ની ફણસી જેમાં, ફૂગ લાગી, ૮૦૦ રૂ.ના ગાજરને દાગીનો જે વરસાદમાં કોવાઇ ડાઘી થઇ ગયાં ને ૧૨૦૦-૧૩૦૦ રૂ.ના લીંબુ હતાં તે વરસાદના પાણીથી દાગી થઇ ગયાં. વરસાદના પાણીથી લીંબુને તરત માર પડે તેથી તે ફંકી દીધા. વી.આઇ.પી. રૂ.૨૦૦ના ભાવના લીંબુ હતા ૧૨૦ રૂ. કિલો તેમાંથી ૧૫થી ૨૦ કિ. જેટલા ખરાબ થઇ ગયાં. ચાલુ ઘરાકી હતી અચાનક વરસાદ આવતાં તે વેરાઇ ગઇ વરસાદમાં જ્યાં ત્યાં બાંધીને બેઠા એ આશા એ કે, હમણાં ઘરાક આવશે પણ દૂર દૂર ક્યાંય કોઇ દેખાય નહીં. ધંધા વગર વસ્તી કરીને ઘરે જવું પડયું આજે તો ઉદાસી છે એમ બોલતાં બેનની આંખો ભરાઇ ગઇ રડવા લાગ્યાં કહે, આ અચાનક વાતાવરણ બદલાયું તેનાથી ધંધામાં મંદી આવી ગઇ છે. ધંધાની મૂડી માટે આજુબાજુથી પૈસા માંગી સહાય કે વ્યાજવા લઇએ. અત્યારે અચાનક વરસાદથી માલની આવક ઓછી થઇ ગઇ જેથી માલ મોંઘો થયો ઉપરથી આ અફરાતફરી શું કરવાનું? મગજ ચાલતું નથી.

પહેલા ઉધારમાં માલ મળતો હવે કેશમાં માલ કોરોના પછી વેપારી આપે એટલે મૂડી ઉછીની લેવી જ પડે. આપવાવાળા પાસેથી લઇ તો લઇએ પણ અમારે પાછા તો આપવાના જ ને! આવક ઘટે ઘર ચલાવવું મુશ્કેલ બને ને વળી બાળકોનું ભણતર પણ જોખમાય ઘરની પરિસ્થિતિ દિવસે ને દિવસે ખરાબ થતી જાય છે.

આ છે, વેચનારાની વિતક કથા જે આ વાતાવરણના બદલાવથી દિવસેને દિવસે કથળી રહી છે પૈસા અને ધંધો અને બચત પાણીમાં નથી જતા પણ જાણે ગરીબ કામદાર બહેનોના આવનારા સારા દિવસોની આશા પાણીમાં ડૂબી જાય છે.

**- ગીતા કોષ્ટી**

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2021-23
Issued by S.S.P. Valid up to 31-12-2023.

Ahmedabad P.S.O.
6, 22-4-23

**અનસૂયા**

- ૩૯માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**
**'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6, 22-4-2023**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001